# ૧૧ માં એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૩૧

# (નેગો.ઈ.એકટ કોર્ટ), અમદાવાદ સીટી અમદાવાદ

ક્રિમીનલ ઈન્કવાયરી નં. – 13388-2024

**<u>આંક–૧ હેઠળ હુકમ</u>**

આ કામે ફરીયાદીના વિ.વકીલશ્રીને સાંભળ્યાં, ફરીયાદ, સોગંદનામું તથા દસ્તાવેજી પુરાવા લીસ્ટ અને સોગંદ પર જણાવેલ હકીકતોને ધ્યાને લેતાં, હાલની ફરીયાદમાં જણાવેલ આરોપી સામે Section 25 of the payment & settlement Act, 2007 અન્વયે ઈન્સાફી કાર્યવાહી કરવા વ્યાજબી અને પુરતા કારણો જણાઈ આવતા હોય તેથી ઉપરમાં જણાવેલ ગુના સબબ ઈન્સાફી કાર્યવાહી થવા માટે આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવે છે. આ ફરીયાદમાં હવે પછીની ફેર મુદત તા.**૧૭/૦૭/૨૦૨૫** ની મુકરર કરવામાં આવે છે.

**:–: હુકમ :–:**

(૧) અરજદારની ક્રિમીનલ ઈન્કવાયરી નંબરને ફેંસલ કરવામાં આવે છે તથા આરોપી સામે સમંસ ઈશ્યુ કરવાનો હુકમ કરવામા આવે છે અને ફોજદારી કેસ નંબર પાડવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરવા માટે આરોપીએ પ્રથમ મુદતે હાજર થયેથી રુપિયા ૧૦,૦૦૦/– (અંકે રુપિયા દસ હજાર પુરા)ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો પણ રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરેલ છે.

તા. ૦૩/૦૪/૨૦૨૫
અમદાવાદ.

(જે.એસ.શાહ)
૧૧માં એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
નેગો.ઈ.એકટ કોર્ટ નં.૩૧, અમદાવાદ સીટી